# Press Statement on ceasefire violations by Pakistani forces targeting Indian civilians

November 14, 2020

# ભારતીય નાગરિકોને લક્ષ્યાંકિત કરતા પાકિસ્તાની બળો દ્વારા યુદ્ધવિરામનાં ઉલ્લંઘનો પર પ્રેસ સ્ટેટમેન્ટ

નવેમ્બર 14, 2020

આજે વિદેશ મંત્રાલય દ્વારા પાકિસ્તાનનાં હાઈ કમિશનનાં ચાર્જ દ' અફેર્સને સમન્સ પાઠવવામાં આવ્યા હતા અને 13 નવેમ્બર 2020 નાં રોજ જમ્મુ અને કાશ્મિરમાં નિયંત્રણ રેખા (એલઓસી) પર અનેક સેક્ટરોમાં પાકિસ્તાની બળો દ્વારા ઉશ્કેરણી કર્યા વગર યુદ્ધવિરામનાં ભંગથી ચાર નિર્દોષ નાગરિકોનાં મૃત્યું અને 19 અન્ય લોકોને ગંભિર ઈજાઓ થઇ હતી જે બદલ પ્રબળ વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.

પાકિસ્તાની બળો દ્વારા નિર્દોષ નાગરિકોને જાણીજોઈને લક્ષ્યાંકિત કરવા પર ભારત સખત શબ્દોમાં નિંદા કરે છે. તે અત્યંત ખેદજનક બાબત છે કે શાંતિમાં ખલેલ પહોંચાડવા અને જમ્મુ અને કાશ્મિરમાં હિંસા ભડકાવવા તોપો અને મોર્ટાર સહિતનાં હેવી કેલિબરનાં શસ્ત્રોનો ઉપયોગ કરીને સમગ્ર એલઓસી પર ભારતીય નાગરિકો પર સંકલિત ફાયરિંગ કરવા પાકિસ્તાન દ્વારા ભારતમાં ચાલી રહેલા ઉત્સવોનો સમય પસંદ કર્યો છે.

પાકિસ્તાની બળો દ્વારા કવર ફાયર પ્રદાન કરીને સહાયતા કરવા સહિત ભારતમાં સીમા પારથી આતંકવાદીઓની ઘૂસણખોરીને પાકિસ્તાન દ્વારા સતત સમર્થન આપવાનો પણ ભારત દ્વારા પ્રબળ વિરોધ નોંધાવવામાં આવ્યો છે. પાકિસ્તાનને ફરી એક વખત કોઈપણ રીતે ભારત સામે આતંકવાદ માટે તેનાં નિયંત્રણ હેઠળ રહેલા કોઈપણ પ્રદેશનો ઉપયોગ કરવા નહીં દેવાની તેની દ્વિપક્ષીય કટિબદ્ધતા યાદ કરાવવામાં આવી હતી.

**નવી દિલ્હી**
**14 નવેમ્બર 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.